# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

## શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮ માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચના

1. ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડમાંથી ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાનપ્રવાહ)ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવી તેમજ ડીપ્લોમા અભ્યાસક્રમમાં ૬૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮માં સ્નાતક /ડીપ્લોમા અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આ યોજના અન્વયે આર્થિક સહાય આપવામાં આવે છે.
2. આ યોજનાના શિક્ષણ વિભાગના તા. ૦૭/૧૦/૨૦૧૫, તા. ૦૫/૦૪/૨૦૧૬, તા. ૦૪/૦૬/૨૦૧૬ અને તા. ૨૬/૧૨/૨૦૧૬ ના ઠરાવમાં જણાવ્યા મુજબની પર્સન્ટાઈલ અને વાલીની આવકની પાત્રતા ધરાવતા અને શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮માં સ્નાતક/ડીપ્લોમા અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ http://mysy.guj.nic.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં માંગવામાં આવેલ વિગતો વિદ્યાર્થીઓએ ભરવાની રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. **અપલોડ કરવાના તમામ દસ્તાવેજો .jpg અથવા .jpeg ફોર્મેટમાં હોવા જોઈએ અને દરેક દસ્તાવેજ 400 kb થી નાની સાઈઝનો હોવો જોઈએ.**
3. વિદ્યાર્થીએ પોતાનો પ્રવેશ આખરી થાય ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. યોજનાના વેબપોર્ટલ http://mysy.guj.nic.in પર યોજનાના તમામ ઠરાવો ઉપલબ્ધ છે.
4. વિદ્યાર્થીએ વાલીની આવકનું **નાંણાકીય વર્ષ ૨૦૧૬-૧૭** નું આવકનું પ્રમાણપત્ર મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી પાસેથી મેળવવાનું રહેશે. વિદ્યાર્થીએ આપવાના સેલ્ફ ડેકલરેશનમાં પણ વાલી (માતા-પિતા) ની આવકની વિગતો આપવાની રહેશે.
5. **વિદ્યાર્થીએ વાલીની આવકનું નાંણાકીય વર્ષ ૨૦૧૬-૧૭નું ઇન્કમટેક્ષ રીટર્ન અથવા ઇન્કમટેક્ષ રીટર્ન ન ભરેલ હોય તેઓએ "આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન" આપવાનું રહેશે.**
6. **વિદ્યાર્થી જે સંસ્થામા પ્રવેશ મેળવે તે સંસ્થાના આચાર્યશ્રી પાસેથી સંસ્થાના લેટરહેડ પર પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે.**
7. સેલ્ફ ડેકલરેશન, સંસ્થાના આચાર્યશ્રી પાસેથી મેળવવાનુ પ્રમાણપત્ર તથા આવકના પ્રમાણપત્રનું ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
8. મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) હેઠળ સીધી જમા થતી હોવાથી વિદ્યાર્થીઓએ નેશનલાઈઝ્ડ બેન્કમાં ખાતું ખોલાવવાનું રહેશે અને આ બેન્ક ખાતા સાથે વિદ્યાર્થીઓએ પોતાના આધાર નંબર જોડવાના (seeding) રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના આધારનંબરની વિગત ઓનલાઈન અરજીમાં આપવાની રહેશે.
9. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ લઈ નજીકના હેલ્પ સેન્ટર ખાતે અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી સાથે નીચે જણાવેલ **સ્વ-પ્રમાણિત** દસ્તાવેજો જમા કરાવવાના રહેશે.

    1. આધારકાર્ડની **સ્વ-પ્રમાણિત** નકલ
    2. ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ પાસ કર્યાની માર્કશીટની **સ્વ-પ્રમાણિત** નકલ,

3. ડીગ્રી /ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિનો લેટરની **સ્વ-પ્રમાણિત** નકલ,
4. ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની **સ્વ-પ્રમાણિત** નકલ,
5. સેલ્ફ ડેકલરેશન (અસલમાં),
6. વાલીની આવકનું પ્રમાણપત્ર(મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીનું)ની **સ્વ-પ્રમાણિત** નકલ,
7. સંસ્થાના આચાર્યશ્રીનુ, સંસ્થાના લેટરહેડ પર, પ્રમાણપત્ર (અસલમાં),
8. હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની **સ્વ-પ્રમાણિત** નકલ,
9. નેશનલાઈઝ્ડ બેન્કમાં બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની **સ્વ-પ્રમાણિત** નકલ
10. ઇન્કમટેક્ષ રીટર્નની **સ્વ-પ્રમાણિત** નકલ **અથવા** આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન (અસલમાં).

10. આ યોજનાના અમલ માટે રાજ્યભરમાં ૧૭૬ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસક્રમને સંબંધિત નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે અને ચકાસણી બાદ અરજી પત્રક અને દસ્તાવેજોનો એક સેટ હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનો રહેશે. હેલ્પ સેન્ટર ખાતે અરજી જમા કરાવીને Acknowledgement Receipt મેળવવાની રહેશે.
11. **વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યાના ૧૫ દિવસમાં સંબંધિત અભ્યાસક્રમના નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ દસ્તાવેજોની ચકાસણીની કાર્યવાહી પુર્ણ કરાવવાની રહેશે.**
12. **હેલ્પ સેન્ટરોના કો-ઓર્ડીનેટરોની વિગતો વેબસાઈટ પર રાખેલ છે જેઓનો કામકાજના દિવસોમાં ઓફિસ સમય દરમ્યાન જ સંપર્ક કરવા વિદ્યાર્થીઓ તથા વાલીઓને ખાસ નમ્ર વિનંતી છે.**
13. ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ)ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવનાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઓનલાઈન અરજી (registration) સંબંધિત કોઈ મુંઝવણ હોય તો તેમણે પોતાની ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની માર્કશીટ Scan કરીને .pdf ફાઈલ mysygujarat2017@gmail.com પર મોકલી આપવાની રહેશે.
14. આજરીતે ડીપ્લોમા ટુ ડીગ્રી ના વિદ્યાર્થીઓએ પણ રજીસ્ટ્રેશન સંબંધિત કોઈ મુંઝવણ હોય તો તેમણે પોતાની ડીપ્લોમાની છેલ્લા વર્ષની માર્કશીટ Scan કરીને .pdf ફાઈલ mysygujarat2017@gmail.com પર મોકલી આપવાની રહેશે.
15. **આ યોજના હેઠળ ઓનલાઈન અરજી કર્યા બાદ વિદ્યાર્થી યોજનાની વેબસાઈટ પર પોતાના યુઝર આઈ.ડી. અને પાસવર્ડથી લોગઈન થઈ પોતાની ઓનલાઈન અરજીનું સ્ટેટસ જાણી શકશે.** સહાય મંજુર થવા સંબંધિત તથા ખુટતા દસ્તાવેજોની પુર્તતા સંબંધિત તથા અન્ય કોઈ પણ પ્રકારની જાણકારી માટે અભ્યાસક્રમવાર નીચે જણાવેલ ઈ-મેલ પર પોતાની Query મોકલી આપવાની રહેશે. જેથી આપની સમસ્યાનું ઝડપથી નિવારણ થઈ શકશે. વિદ્યાર્થીના પ્રશ્નનું નિરાકરણ સંબંધિત કચેરી દ્વારા થતું હોઈ વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમ માટે ફાળવવામાં આવેલ ઈ-મેલ નો જ ઉપયોગ કરે તે આવશ્યક છે.

| ક્રમ | સ્નાતક-ડીપ્લોમા કક્ષાના અભ્યાસક્મ | ઈ-મેલ એડ્રેસ |
|---|---|---|
| ૧ | ઈજનેરી ફાર્મસી આર્કીટેકચર | mysytechnical2017@gmail.com |
| ૨ | મેડીકલ ડેન્ટલ ફીઝિયોથેરાપી તથા અન્ય પેરામેડીકલ અભ્યાસક્રમો | mysymedical@gmail.com |
| 3 | આયુર્વેદિક હોમિયોપેથિક અભ્યાસક્રમો | mysyayurved2017@gmail.com |
| ૪ | ઉચ્ચ શિક્ષણના આર્ટ્સ , સાયન્સ, કોમર્સ , બીબીએ, | mysygeneral@gmail.com |

| | | |
|---|---|---|
| | બીસીએ જેવા સંબંધિત અન્ય અભ્યાસક્રમો | |
| ૫ | એગ્રીકલ્ચર સંબંધિત અભ્યાસક્રમો | saucouncil@gmail.com |
| ૬ | વેટરનરી સંબંધિત અભ્યાસક્રમો | hvgoriya@gmail.com |
| ૭ | A.N.M અને G.N.M અભ્યાસક્રમો | mysygnmanm@gmail.com |
| ૮ | રજીસ્ટ્રેશન સંબંધિત મુંઝવણ માટે | mysygujarat2017@gmail.com |

- યોજનાની વધુ માહિતી હેલ્પ લાઈન નં: ০৩৫- ২৬৫৬৬০০০ , ৩০৪৩৩৩৩১৮১ (১০:৩০ થી ১৮:০০) પરથી મળી શકશે.